ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

ગુરુવાર ૨૧ મે, ૨૦૨૬ | **દાહોદ કાર્યાલય :** સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 

**સમગ્ર ભારતમાં મેડિકલ સ્ટોર્સ સંપૂર્ણપણે બંધ રહ્યા : કેટલાય દર્દીઓ દવા લેવા માટે આમતેમ ફરતા રહ્યા**

# AIOCD દ્વારા એલાનને પગલે હાલોલમાં દવાની દુકાનો બંધ

**શહેરમાં** ઇમરજન્સી માટે એકાદ-બે સ્ટોર્સ ખુલ્લા રાખવામાં આવ્યા હતા

(પ્રતિનિધિ) હાલોલ, તા.20
આજે સમગ્ર ભારતમાં મેડિકલ સ્ટોર્સ સંપૂર્ણપણે બંધ છે. AIOCD દ્વારા આપવામાં આવેલા ભારત બંધના એલાનને હાલોલમાં અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે.ઓનલાઈન દવાઓના ગેરકાયદેસર વેચાણ અને તેનાથી થતા નુકસાનના વિરોધમાં 'હાલોલ કેમિસ્ટ એસોસિએશન' સાથે જોડાયેલા તમામ મેડિકલ




સ્ટોર્સ આજે સજ્જડ બંધ રહ્યા છે.જ્યારે આજે વેપારીઓએ એકસૂરે ઓનલાઈન ફાર્મસી નીતિનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. મહત્વની વાત એ છે કે આ લડતમાં કેમિસ્ટ એસોસિએશન એકલું નથી. આજના આ બંધને જેનરિક હોલસેલ એસોસિએશન, ડૉક્ટર એસોસિએશન અને એમ.આર. (M.R.) એસોસિએશન તરફથી પણ સંપૂર્ણ અને મક્કમ સહકાર સાંપડ્યો છે.બંધના કારણે આમ જનતાને ભારે હાલાકી ન ભોગવવી પડે અને ઈમરજન્સીની સ્થિતિમાં તાત્કાલિક દવાઓ મળી રહે, તે માટે માનવતાવાદી અભિગમ અપનાવવામાં આવ્યો છે. બજારમાં આવેલું 'બીપીનચંદ્ર જી. પરીખ' મેડિકલ સ્ટોર આજે ખાસ ખુલ્લું રાખવામાં આવ્યું છે, જેથી દર્દીઓને આકસ્મિક જરૂરિયાતમાં દવાઓ મળી શકે.

મેડિકલ સ્ટોર્સ સંચાલકોની આ એકતાનુ પ્રદર્શન અને બંધના એલાનને સમર્થન સાબિત કર્યુ હતુ કે જો આવી એકતા રાખવામાં આવે સરકાર તેમની માંગો સાંભળવા માટે મજબૂર બની શકે પણ ખરી.

## દાહોદ જિલ્લામાં કેમિસ્ટ એસોસિયેશનનું બંધનું એલાનને સમર્થન



**દાહોદ :** દાહોદ જિલ્લામાં દાહોદ નગરપાલિકા દ્વારા વેપાર માટે સ્થાયી ઇમારત નો નગરપાલિકા એમેઝોન ઓનલાઈન કંપની એ અને સ્વીગી-ના તેહત મેડિકલ સ્ટોર્સ ના માલિકોને પોતાના પ્રતિષ્ઠાનો અમર ભાર વધારીશે ઇમારત જ્યાં થી આપણને કારોબાર કરેલિફિક સેમાંચાન ના મુખ્ય સીનીઅરસાહેબ સામેલ જણાવ્યું છે કે ભારતનું ૧૨,૫૦ લાખ કેમિસ્ટો તેમજ ગુજરાતના ૩૫,૦૦૦ કેમિસ્ટો એ આનલાઈન દવાના વેચાણને સિરિયસથી અસમર્થન આપ્યું છે અને દાહોદ જિલ્લાના અમે સર્વ એ બંધ રાખી એલાનને સમર્થન આપ્યું છે નગરપાલિકા દવાઓ જે રિટેલરોની સામે આજે વરસ ડિસ્ટ્રિક્ટ એન્ડ માલિકને અને સિથિજુ ઓફ ઇન્ડિયા ની ઇકોમર્સ પોલિસી વિરુદ્ધ છે.

## ઓનલાઇન દવાઓના વિરોધમાં સિંગવડના તમામ મેડિકલ સ્ટોર બંધ



**સિંગવડ :** આજે સમગ્ર ભારતમાં મેડિકલ સ્ટોર્સ સંપૂર્ણપણે બંધ છે. AIOCD દ્વારા આપવામાં આવેલા ભારત બંધના એલાનને સિંગવડ તાલુકામાં અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો છે.ઓનલાઇન દવાઓના ગેરકાયદેસર વેચાણ અને તેનાથી થતા નુકસાનના વિરોધમાં 'સિંગવડ ના કેમિસ્ટ એસોસિએશન' સાથે જોડાયેલા તમામ મેડિકલ સ્ટોર્સ આજે સજ્જડ બંધ રહ્યા છે.જ્યારે આજે વેપારીઓએ એકસૂરે ઓનલાઇન ફાર્મસી નીતિનો ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે.મહત્વની વાત એ છે કે આ લડતમાં કેમિસ્ટ એસોસિએશન એકલું નથી. આજના આ બંધને જેનરિક હોલસેલ એસોસિએશન, ડોક્ટર એસોસિએશન અને એમ.આર. (M.R.) એસોસિએશન તરફથી પણ સંપૂર્ણ અને મક્કમ સહકાર મળ્યો છે

**દાહોદ શહેરમા એસ ટી બસના ચાલકની બેદરકારીનો દાખલો**

# ફતેપુરા-દાહોદ એસ.ટી.બસના ચાલકે રિક્ષા અને અન્ય એસટીને ટક્કર મારતા અફરાતફરી મચી

**અકસ્માતમાં** જાનહાનિ તો ટળી પણ ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો



(પ્રતિનિધિ) દાહોદ, તા.20
દાહોદ શહેરમા એસ ટી બસના ચાલકની બેફિકર ડ્રાઈવિંગને લઈ એસ ટી ડ્રાઈવરે બે ફોરવીલર એક રીક્ષા અને આગળ બીજી બસ ને ઠોકી દેતા ભારે અફરા તફરી મચી જવા પામી હતી જેને લઈ ટ્રાફિક જામ થઈ ગયો હતો

દાહોદ શહેર ના ઝાલોદ ઓવરબ્રિજ થી નીચે તરફ આવતી જી જે 18 ઝેડ 7146 નંબર ની ફતેપુરા થી દાહોદ બસ ના ડ્રાઈવર ની ગફલત ભરી ડ્રાઈવિંગ ના કારણે સાઈડ મા એક ફોરવીલર વાઈટ કલર ની જીજે 31 ડી 1428 નંબર ને સાઈડ મા ઘસી આવી આગળ ઊભેલ બીજી ફોરવિલર આર જે O3 cc 0973 નંબર ની ફોરવિલર ગાડી ને સાઈડ માંથી ટક્કર મારી આગળની સાઈડ મા ઉભેલ રીક્ષાને ટક્કર મારી આગળ જતી બસ જીજે 18 ઝેડ ટી 1408 નંબર ની સંતરામપુર દાહોદ પિટોલ બસ ને પાછળ ટક્કર મારી ડ્રાઈવર બસ મુકી ફરાર થઈ ગયો હતો આ અકસ્માત ને લઈ ટ્રાફિક જામ થઈ ગયો હતો અને ભારે અફરા તફરી મચી જવા પામી હતી જાકે આ અકસ્માત ને લઈ કોઈ મોટી જાન હાનિ થવા પામી ન હતી પરંતુ એક બસ ના કારણે બીજી બે ફોરવિલર એક રીક્ષા અને આગળ જતી બસ એમ ચાર ગાડીઓ ને નુકસાન થયુ હતુ.

**કાલોલ તાલુકા પંચાયતની પ્રથમ સભા ૨૫મે ના રોજ યોજાશે**

# પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટે ખાસ બેઠક યોજાશે

(પ્રતિનિધિ) કાલોલ, તા.20
પંચમહાલ જિલ્લા પંચાયતના વિકાસ અધિકારી (DDO) દ્વારા જિલ્લાની તમામ સાતેય તાલુકા પંચાયતોના પ્રમુખ અને ઉપપ્રમુખની ચૂંટણી અંગેનો સત્તાવાર આદેશ જાહેર કરવામાં આવ્યો છે. આ આદેશ અન્વયે કાલોલ તાલુકા પંચાયતની પણ પ્રથમ બેઠક આગામી ૨૫/૦૫/૨૦૨૬, સોમવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે કાલોલ તાલુકા પંચાયતના સભાખંડમાં યોજાશે. આ બેઠકની જાહેરાત થતાં જ કાલોલના સ્થાનિક રાજકારણમાં ભારે ગરમાવો આવી ગયો છે. ગોધરાના નાયબ કલેક્ટરની અધ્યક્ષતામાં યોજાશે ચૂંટણી કાલોલ તાલુકા પંચાયતના શાસકો નક્કી કરવા માટેની આ મહત્વપૂર્ણ બેઠક નાયબ કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી અને મૂલ્યાંકન તંત્રની કચેરી, ગોધરા) ના અધ્યાસી અધિકારીપણા હેઠળ યોજાશે. હોદ્દાની મુદતઃ 'ધ ગુજરાત લોકલ ઓથોરીટી કાયદા (સુધારા) અધિનિયમ-૨૦૧૫' ની કલમ-૧૫ અને 'ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩' ની કલમ-૬૭ (૨) અને (૩) ની સંયુક્ત જોગવાઈઓ અનુસાર, આ ચૂંટણીથી ચૂંટાનારા પ્રમુખ અને ઉપપ્રમુખના હોદ્દાની મુદત અઢી (૨.૫) વર્ષની રહેશે. આધારઃ રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા ગત ૦૧ મે ૨૦૨૬ ના રોજ સત્તાવાર રીતે ચૂંટાયેલા સભ્યોના નામોની યાદી પ્રસિદ્ધ કરવામાં આવી હતી, જેના આધારે આ પ્રથમ સભા બોલાવવામાં આવી છે.

**કાલોલ તાલુકાના મલાવ ગામે 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો**

# ગ્રામજનોને એક જ સ્થળેથી મળી તમામ સરકારી યોજનાકીય સહાય

(પ્રતિનિધિ) કાલોલ, તા.20
મલાવની એમ. જી. એસ. હાઈસ્કૂલ ખાતે મામલતદાર કચેરી દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આસપાસના ગ્રામજનો ઉમટી પડ્યા હતા અને સરકારી સેવાઓનો સ્થળ પર જ લાભ લીધો હતો ગ્રામજનોની અરજીઓનો સ્થળ પર જ નિકાલ થાય તે માટે સમગ્ર વહીવટી તંત્ર મલાવ ગામે હાજર રહ્યું હતું. આ કાર્યક્રમમાં કાલોલના મામલતદાર વિકાસ પટેલ, નાયબ મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી (TDO) સહિત પાલિકા અને પંચાયત વિભાગના ઉચ્ચ અધિકારીઓ અને સમગ્ર વહીવટી સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો. અધિકારીઓએ જાતે જ કામગીરીનું સુપરવિઝન કરીને



નાગરિકોને કોઈ તકલીફ ન પડે તે વાતની તકેદારી રાખી હતી.ગ્રામજનોને અલગ-અલગ કચેરીઓના ધક્કા ન ખાવા પડે તે માટે હાઈસ્કૂલ પરિસરમાં જ જુદા જુદા વિભાગોના વિશેષ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા હતા. આ સેવા સેતુ અંતર્ગત નીચે મુજબની સેવાઓ સ્થળ પર જ પૂરી પાડવામાં આવી હતી:જેમ કે આવકનો દાખલો, જાતિનું પ્રમાણપત્ર અને નોન-ક્રીમીલેયર સર્ટિફિકેટ,જન્મ-મરણનો દાખલો, લગ્ન નોંધણી અને મિલકત આકારણી પત્રક. રોજગાર અને કાનૂની સેવાઓઃ મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના, ઈ-સ્ટેમ્પિંગ, નોટરી કામગીરી અને સ્ટેમ્પ વેન્ડરની સુવિધા. સામાજિક સુરક્ષાઃ ગંગા સ્વરૂપા (વિધવા) આર્થિક સહાય યોજનાના ફોર્મ અને મંજૂરી. સાચો લાભાર્થી સરકારી લાભ થી વંચિત ના રહી જાય અને બધી જ જરૂરિયાતો એક જ જગ્યાએથી પૂરી કરવાનો લક્ષ્યાંક છે.

**મલાવ-2 આંગણવાડીમાં પોષણ સંગમ યોજનાનું પરિણામ**

# અતિકુપોષિત બાળક થયું સામાન્ય, રાજ્યપાલના હસ્તે મળી પોષણ કીટ

(પ્રતિનિધિ) કાલોલ, તા.20
કાલોલ તાલુકાના મલાવ-2 આંગણવાડી કેન્દ્ર ખાતે ICDS વિભાગની ₹બાળક પોષણ સંગમ યોજના₹ અંતર્ગત નોંધપાત્ર સફળતા મળી છે. આંગણવાડીના એક બાળકને અતિકુપોષિત કેટેગરીમાંથી બહાર લાવીને સામાન્ય શ્રેણીમાં લાવવામાં સફળતા મળી છે જ્યાં આંગણવાડી કાર્યકર અને હેલ્પરના સતત પ્રયાસો, નિયમિત પોષણયુક્ત આહાર અને વાલીઓના સહયોગથી બાળકના સ્વાસ્થ્યમાં સુધારો થયો છે. બાળકના વજન અને ઊંચાઈમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે ત્યારે આ સિદ્ધિ બદલ બાળક અને તેના પરિવારને



તાજેતરમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી ના હસ્તે પોષણ કીટ એનાયત કરવામાં આવી હતી. કીટમાં પોષણયુક્ત ખાદ્ય સામગ્રી અને બાળકના વિકાસ માટે જરૂરી વસ્તુઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આઈસીડીએસ પોગ્રામ ઓફિસર રમીલાબેન ચૌધરી એ જણાવ્યું કે પોષણ સંગમ યોજના હેઠળ અતિકુપોષિત અને કુપોષિત બાળકોને ચિન્હિત કરીને તેમને ખાસ ધ્યાન આપવામાં આવે છે. મલાવ-2 આંગણવાડીના આ પરિણામથી અન્ય કેન્દ્રોને પણ પ્રેરણા મળશે.કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા આઈસીડીએસ શાખા પોગ્રામ ઓફિસર રમીલાબેન ચૌધરી, સીડીપીઓ મેડમ મોનિશાબેન પંચાલ,તથા મુખ્ય સેવિકાબેન સોનલબેન રાઠવા સહિત આંગણવાડી કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

**નસીબ જોગે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી**

# દાહોદના દોલતગંજ બજારમાં ત્રણ આખલા વચ્ચે યુદ્ધ ખેલાતા ભય

**લોકોએ** આંખલાઓ ઉપર પાણી નાખી છૂટા કરવાનો પ્રયત્ન કર્યો હતો

(પ્રતિનિધિ) દાહોદ, તા.20
દાહોદ શહેરમાં રખડતા ઢોર અને સ્વાન ના કારણે પાછલા કેટલાય વર્ષોથી શહેરીજનો પરેશાન છે કેટલાય લોકોએ જીવ ગુમાવ્યા તો ઘણા લોકોને ઈજા થતા શહેરીજનોમાં આક્રોશ ફાટી નીકળ્યા બાદ પાલિકાને આવેદન આપવામાં આવ્યું હતું.

પરંતુ પાણીનું નામ ભુ જેમ આ બાબતે કોઈપણ આયોજન પ્રયોજન કરવામાં આવ્યા નથી અને તેનો ભોગ શહેરીજનો બની રહ્યા છે હાલમાં શહેરના દોલતગંજ બજારમાં બે આંખલાઓ વચ્ચે યુદ્ધ ખેલાતા વિસ્તારમાં ભય છવાયો હતો આંખ લાઓના યુદ્ધના પગલે કેટલાક સમય માટે વાહન વ્યવહાર બંધ રહ્યો હતો વિસ્તારના લોકોએ આંખલાઓ ઉપર પાણી નાખી છૂટા કરવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તે નિષ્ફળ રહ્યો હતો. બે આંખ લાઓ વચ્ચે યુદ્ધ ચાલતું હતું તેમાં ત્રીજા આંખલાએ આવી દરમિયાનગીરી કરતા યુદ્ધ સનસનીખેજ બન્યું હતું અને તેમની અડફેટે આવેલા વાહનોને નુકસાન થયું હતું આ લડાઈ લગભગ અડધો કલાક જેટલા સમય દરમ્યાન ચાલ્યું હતું જો કે નસીબ જોગે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ ન હતી.

## કાળઝાળ ગરમીથી રાહત માટે,ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી દ્વારા કાલોલ બજારમાં પાણીની પરબ ખુલ્લી મુકવામાં આવી




**કાલોલ :** કાલોલ ખાતે સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા પાસે રેડ ક્રોસ સોસાયટી કાલોલ દ્વારા ફ્રી પાણી ની પરબ દીપ પ્રાગટ્ય કરી ને ખુલ્લી મૂકવા માં આવી. જેમાં ઉનાળા ના 44 ડિગ્રી તાપ માં ગ્રામ્ય વિસ્તારોમાં થી અને શહેરમાં થી આવતા લોકો ને ઠંડુ પાણી મળી રહે અને લોકો ને રાહત થાય તે માટે જનસેવા નું કાર્ય દર વર્ષે રેડ ક્રોસ સોસાયટી કાલોલ કરતી હોય છે. આ પ્રસંગે ચેરમેન સતીષ શાહ, વાઇસ ચેરમેન ડો યોગેશ પંડ્યા, સેક્રેટરી ડો પ્રકાશ ઠક્કર, ડો કિરણ પરમાર, આર બી વરિયા, લઘુમતિ મોરચાના ઇકબાલ દિવાન અને પત્રકાર મિત્રો ની સાથે કાલોલ ભાજપ પ્રમુખ કલ્પેશ પારેખ, ઉપાધ્યક્ષ ભરતભાઇ વરિયા, નરેશ ભાઈ શાહ, ડો મનસૂરી, યુવા મોરચા પ્રમુખ જય રાણા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**વિદ્યાર્થીઓથી શરૂ થયેલું ભીલ સેવા મંડળ**

# ૫૫ સંસ્થાઓનું વટવૃક્ષ બન્યું: નરેન્દ્ર સોની

**મુલાકાત** દરમિયાન ગૌરવશાળી ઇતિહાસ વાગોળાયો

**હાલમાં** સંસ્થાના પ્રમુખ તરીકેની મહત્વની જવાબદારી શ્રી શાંતિભાઈ નિનામા ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે

(પ્રતિનિધિ) દાહોદ, તા.20
દાહોદ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં શિક્ષણ અને સામાજિક ઉત્થાન માટે અભૂતપૂર્વ યોગદાન આપનારી સુપ્રસિદ્ધ સંસ્થા 'ભીલ સેવા મંડળ'ની તાજેતરમાં સામાજિક



અગ્રણીઓ શ્રી નરેન્દ્ર સોની અને શ્રી મહેશભાઈ ડામોરે મુલાકાત લીધી હતી.

આ સદભાવના મુલાકાત દરમિયાન તેમણે સંસ્થાના ભવ્ય અને પ્રેરણાદાયી ઈતિહાસ વિશે વિગતવાર માહિતી મેળવી રાષ્ટ્રનિર્માણમાં સંસ્થાના યોગદાનને બિરદાવ્યું હતું. મુલાકાત દરમિયાન સંસ્થાના ભવ્ય ઈતિહાસની વિગતો આપતા જાણવા મળ્યું હતું કે, ૧૯ માર્ચ ૧૯૨૨ના રોજ પૂજ્ય ઠક્કર બાપા દ્વારા માત્ર ૪ વિદ્યાર્થીઓ સાથે મીરાખેડી ગામેથી આ ભગીરથ કાર્યની શરૂઆત કરવામાં આવી હતી. આ સામાજિક ક્રાંતિના મિશનમાં તેમને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલ, ઈન્દુલાલ યાજ્ઞિક અને શ્રી સુખદેવ કાકા ત્રિવેદી જેવા દેશના મહાન રાષ્ટ્રભક્તોનો સક્રિય સહયોગ સાંપડ્યો હતો.

ભૂતકાળમાં જ્યારે આ વિસ્તારમાં ભયંકર દુષ્કાળ પડ્યો, ત્યારે ઠક્કરબાપાએ સ્વયં ગાડામાં બેસીને અંતરિયાળ આદિવાસી વિસ્તારો ખૂંદ્યા હતા. તેમણે ગામડે-ગામડે ફરીને શિક્ષણ પ્રત્યે જાગૃતિ લાવી સમાજસેવા અને સમાજ સુધારણાનો દ્રઢ સંકલ્પ લીધો હતો.સદી જૂની આ સંસ્થા આજે એક ઘટાદાર વટવૃક્ષ બની ચૂકી છે. હાલમાં દાહોદ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ભીલ સેવા મંડળ સંચાલિત ૫૫ જેટલી આશ્રમશાળાઓ, છાત્રાલયો અને શાળાઓ કાર્યરત છે, જે અંતરિયાળ વિસ્તારના બાળકોમાં શિક્ષણની જ્યોત જગાવી રહી છે. હાલમાં સંસ્થાના પ્રમુખ તરીકેની મહત્વની જવાબદારી શ્રી શાંતિભાઈ નિનામા ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી રહ્યા છે અને પૂજ્ય ઠક્કરબાપાના આદિવાસી ઉત્થાનના સ્વપ્નને મક્કમતાથી આગળ ધપાવી રહ્યા છે.આ સંસ્થા માત્ર શિક્ષણ જ નથી આપતી, પરંતુ સંસ્કાર અને ઉચ્ચ કારકિર્દીનું ઘડતર પણ કરે છે. અહીં અભ્યાસ કરીને નીકળેલા અસંખ્ય પૂર્વ વિદ્યાર્થીઓ આજે IAS, IPS, ઉચ્ચ કક્ષાના ડોક્ટરો અને દેશ-વિદેશમાં વિવિધ પ્રતિષ્ઠિત ક્ષેત્રોમાં સફળતાપૂર્વક કાર્ય કરી રહ્યા છે. નરેન્દ્ર સોની અને મહેશભાઈ ડામોરે સંસ્થાની આ ગૌરવશાળી સફર પ્રત્યે અત્યંત આદર અને આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

## નર્સિંગ સ્ટાફની જરૂર છે

દાહોદ ખાતે મેટરનીટી હોસ્પીટલ માટે સ્ટાફ નર્સ ની જરૂર છે.GNM ,Bsc નર્સિંગ, NPM ની ડીગ્રી ધરાવતા ઉમેદવારોએ પોતાના ડીગ્રી પ્રમાણપત્રો તથા અનુભવના પ્રમાણપત્રો સાથે દિન ૧૦ માં રૂબરૂમાં અરજી કરવી.

» ડીલીવરી અને ઓપરેશનનો અનુભવ ધરાવતા ઉમેદવારોને પ્રથમ પંસદગી આપવામાં આવશે. » સવાર બપોર અને નાઈટની બદલાતી શીફટમાં કામ કરવાનું રહેશે.

**પગાર ધોરણ ડીલીવરી અને ઓપરેશનના કામના અનુભવના આધારે આપવામાં આવશે..**

**જનની હોસ્પીટલ**

આઈ ટી આઈ પાસે, ડોમીનોઝ હોટલ અને મેડીકેર હોસ્પીટલની પાછળ
ઝાલોદ રોડ દાહોદ, સંપર્ક નંબર: 9426504063